■ સુરત વેડરોડ ગુરૂકુળ સ્વામીનારાયણ મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજની પ્રતિમાને કાળઝાળ ગરમીથી ઠંડક આપવા માટે મોગરા તથા ગલગોટાના ફુલોથી શણગાર કરવામા આવ્યો હતો. **(તસવીરઃ પ્રદિપ ગોહિલ)**

જૈન શાસનનો તપ એ કોઈ ખાવાના નહીં પણ ખાંડાના ખેલ છે: પદ્મદર્શનવિજયજી

સુરત, તા.૨૦

વડોદરા જિલ્લાના મીયાગામ-કરજણ ખાતે યુગપ્રધાન આચાર્ય સમ પંન્યાસપ્રવર ચન્દ્રશેખરવિજયજી મહારાજાનાં શિષ્ય પ્રભાવક પ્રવચનકાર પંન્યાસ પદ્મદર્શનવિજયજી મહારાજ અને મુનિ પ્રેમદર્શનવિજયજી મ.ની પાવન પધરામણી થતાં શાહ ભાઈલાલ પુંજાભાલ પરિવાર તરફથી સામૈયું રાખવામાં આવ્યું હતું. વીરવિઝલ સોસાયટીથી સામૈયાનો પ્રારંભ થયો હતો. શીતલ સોસાયટીમાં લાભાર્થી પરિવારના ત્યાં પૂજ્યનાં તેમજ સકલ સંઘનાં પગલાં કરીને વર્ધમાન સોસાયટી થઈ જૈન વાડીમાં સ્વાગતયાત્રા સંપન્ન થઈ હતી. પૂજ્યનું માંગલિક પ્રવચન, વર્ષીતપના તપસ્વીઓના બહુમાનના ચઢાવા થયા હતા. નવકારશીનો લાભ લાભાર્થી પરિવારે લીધો હતો. ત્યારબાદ વર્ષીતપના પારણોત્સવ નિમિત્તે પત્રિકાલેખનનો કાર્યક્રમ યોજાયો હતો.

પદ્મદર્શનજી અને પ્રેમદર્શનજીની વડોદરા કરજણ ખાતે પધરામણી થતા ભાઈલાલ શાહ પરિવાર તરફથી સામૈયું રાખવામા આવ્યું

વર્ષીતપના પારણોત્સવ માટે ચાતક પક્ષીની જેમ પ્રતિક્ષા કરતાં તપસ્વીઓનું અભિવાદન કરતાં પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે ધર્મસભા સમક્ષ કહ્યું હતું કે, જૈન શાસનનો તપ એ કોઈ ખાવાના ખેલ નથી પણ ખાંડાના ખેલ છે. ૪૦૦ દિવસની આ વર્ષીતપની દીર્ઘ તપસ્યા પ્રભુ આદિનાથની સ્મૃતિમાં છે. પ્રભુના ઋણ સ્વીકારનો આ પ્રસંગ છે. કરજણના 52 તપસ્વીઓ આ તપરૂપી યજ્ઞમાં જોડાયા છે. જૈનધર્મનો તપ વંદનીય અને પૂજનીય છે.

આ કાળ ભોગવાદનો છે. હોટલો અને ખાઉધરાગલીઓનો આ કાળ છે. 400 દિવસમાં 200થી વધુ ઉપવાસ કરવા એ વિરલ ઘટના છે. જૈન શાસનનો તપ અને જૈન શાસનનાં તપસ્વીઓનું જેટલું અભિવાદન કરીએ તેટલું ઓછું છે

કરજણ જૈન સંઘમાં પ્રથમ વાર આ વર્ષીતપ થયો છે. જેનાં પારણોત્સવ પ્રસંગે નિશ્રા પ્રદાન કરવા માટે ગુરુભગવંતનું આગમન થયું છે. પંદર દિવસ સુધી પૂજય સ્થિરતા કરશે. તે દરમ્યાન વિવિધ કાર્યક્રમોનો સિલસિલો ચાલશે. આ પાવન અવસરે પત્રિકા લેખનનો કાર્યક્રમ રંગે ચંગે સંપન્ન થયો હતો. પૂજયનાં પ્રવચનો રોજ સવારે ૭/૦૦ થી ૮/૦૦ જૈન વાડીમાં રહેશે.

અરવલ્લીજિલ્લાનેહોસ્પિ.સહિત ૨૮૨ કરોડના વિવિધ વિકાસ કામોની મુખ્યમંત્રીએ ભેટ આપી

મોડાસા તા.20

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હોસ્પિટલ સહિત અરવલ્લી જિલ્લાને એક દિવસમાં 282 કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કામોની ભેટ આપી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, રાજ્યના અંતરિયાળ અને દૂર દરાજના ગામોના લોકોને નજીકના સ્થળે જરૂરિયાતના સમયે આરોગ્ય સારવાર સુવિધા આપવા સરકારે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલોના નિર્માણનો અભિગમ અપનાવ્યો છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા સામુહિક આરોગ્ય કેન્દ્ર 43 કરોડના ખર્ચે અપ્યતન સુવિધા સાથે 125 બેડની સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં અપ ગ્રેડ કરવામાં આવ્યું છે.

તેમણે મોડાસામાં રૂ.15 કરોડના ખર્ચે નવનિર્મિત આઈકોનિક બસપોર્ટ, 140 કરોડના ખર્ચે નિર્માણ થનારા માર્ગો, સમરસ કન્યા અને કુમાર છાત્રાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નગર પાલિકા ના વિકાસ કામો , શાળાઓમાં સ્માર્ટ ક્લાસ વગેરેના લોકાર્પણ ખાતમુહૂર્ત મોડાસામાં યોજાયેલા કાર્યક્રમમાં કર્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને દિશાદર્શનમાં સર્વાંગી વિકાસની યાત્રા છેક છેવાડાના ગામો સુધી વિસ્તરી છે.ગામડાઓમાં પણ હવે 24 X 7 વીજળી, સુદ્રઢ રોડ કનેક્ટિવિટી અને આરોગ્ય સેવાઓ પહોંચ્યા છે. જિલ્લા મથકો જેવી જ સિવિલ હોસ્પિટલો જરૂરિયાત મુજબના તાલુકાઓમા બને તે માટે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ સરકારે ઉભી કરવાનું આયોજન હાથ ધર્યું છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, 16 તાલુકાઓમાં આવી સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલો 100-100 બેડની સુવિધા અને વિવિધ રોગ નિષ્ણાંતોની સેવા સાથે કાર્યરત છે. આ વર્ષે આદિજાતિ વિસ્તાર નિઝર અને દ્વારકા જિલ્લાના કલ્યાણપુરમાં આવી હોસ્પિટલ ઉભી કરાશે. વડાપ્રધાને શિક્ષણ, આરોગ્ય, આવાસ, કનેક્ટિવિટી, પાણી પુરવઠા જેવા પાયાના ક્ષેત્રોની શ્રેષ્ઠ સુવિધા નાનામાં નાના માનવીને સરળતાથી પહોંચાડવાનો એપ્રોચ અપનાવ્યો છે. એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા આઈકોનિક બસપોર્ટ અને અદ્યતન સમરસ છાત્રાલયો તેના ઉદાહરણ છે એમ જણાવતા મુખ્યમંત્રીએ રાજ્ય સરકારે દીકરા-દીકરીઓના અભ્યાસને પ્રોત્સાહન અને સહાય માટે શરૂ કરેલી નમોલક્ષ્મી તથા નમો સરસ્વતી યોજનાની વિસ્તૃત ભૂમિકા આપી હતી. તેમણે અરવલ્લી જિલ્લાના લોકોને યુનિવર્સિટી મળે તે માટે રાજ્યમંત્રી ભીખુ સિંહજીએ કરેલી માંગણી અંગે વિચારણા કરવાનો સંકેત પણ આપ્યો હતો.

અરવલ્લીને યુનિવર્સિટી આપવાના સંકેત આપ્યાં: શિક્ષણ, આરોગ્ય, સહિતની પાયાની સુવિધા છેવાડાના માનવી સુધી પહોંચાડવા રાજ્ય સરકારની નેમ: ભૂપેન્દ્ર પટેલ

જેતપુર આંગડિયામા નકલી નોટો ઘુસાડી અસલી મેળવવાનું કૌભાંડ પાછલા છ માસથી ચાલતુ હતુ

જેતપુર, તા.૨૦

રાજકોટ જિલ્લામાં આંગડીયા પેઢીમાં મોકલાતા રૂપિયામાં અસલી નોટોના બંડલમાં સિફતપૂર્વક જાલીનોટ ગોઠવીને બીજા શહેરમાં તેની સામે અસલી ચલણી નોટ મેળવવાના રેકેટનો ગઈકાલે જેતપુરમાં પર્દાફાશ થયો હતો, જેમાં આજે ત્રણેય આરોપીના પોલીસ રિમાન્ડ દરમ્યાન મોટો ખુલાસો થયો હતો.

આ આરોપીઓ છેલ્લા પાંચ-છ મહિનાથી નકલી નોટોનું રેકેટ ચલાવતા હતા અને જુનાગઢ ખાતે મુખ્ય સુત્રધારનાં કારખાનામાં જાલીનોટો છાપતા હોવાનું ખુલ્યું હતુ. પોલીસે આરોપીઓને ત્રણ દિવસના રિમાન્ડ પર લઈને પ્રિન્ટર સહિતનો મુદામાલ કબ્જે કર્યો છે. જેતપુરના એમ.જી. રોડ પર આવેલી આર.પી. એન્ટરપ્રઈઝ નામની આંગડિયા પેઢીમાં 10 લાખનું આંગડિયુ કરનાર જેતપુરના કણકિયા પ્લોટમાં રહેતા રવી શામજી ડોબરિયાએ 500ની નોટના બંડલમાં જાલીનોટ ઘુસાડી દીધી હતી. જે બાબતે આંગડિયાના સંચાલક નિકેશ ચંદનાણીએ પોલીસને જાણ કરતા વોચ ગોઠવીને પ્રથમ રવિ ડોબરિયાને પકડયા બાદ પુછતાછના આધારે ધોરાજીના હિરાપરા વાડીમાં રહેતા તેના મિત્ર એવા મૂળ સુત્રધાર પ્રજ્ઞોશ ઉર્ફે પ્રીન્સ ઉર્ફે લાલુ દીનેશભાઈ કુંમર તથા મિત અશ્વિનની ધરપકડ કરી હતી.

જેમને કોર્ટમાં રજૂ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરતા વધુ પુછતાછમાં અન્ય માહિતી બહાર આવી હતી.

જેતપુરના રવિ ડોબરિયા સહિત ત્રણ સાગરિતોના પોલીસ રિમાન્ડમાં બાગસ ચલણી નોટોના વધુ પરાક્રમો બહાર આવવાની શક્યતા

સુરતમાં આધુનિક ડિઝાઈન માટે જાણીતા રેજીનના સૌપ્રથમ આઉટલેટનો શુભારંભ

સુરત, તા.૨૦

ભારતની સૌથી ઝડપથી વિકસતી સમકાલીન એથનિક અને ફ્યુઝન વેર બ્રાન્ડ્સમાંની એક રેજીન દ્વારા સુરતમાં તેના પ્રથમ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ ના ભવ્ય રીતે શરૂઆત કરવામાં આવી છે. અભિનેત્રી નીતાંશી ગોયલે સ્ટોરનું ઉદ્ઘાટન કર્યું હતું. આધુનિક ડિઝાઈન માટે જાણીતા રેજીનનો નવો ફ્લેગશિપ સ્ટોર તેના વિઝનનું ભૌતિક સંભારણું છે. એક ઈમર્સિવ રિટેલ સ્પેસ જે બ્રાન્ડની ઐતિહાસિક ક્ષણમાં લાવણ્ય, આરામ અને સમકાલીન એથનિક ફેશન ટ્યને મિશ્રિત કરે છે.

યુનિવર્સીટી રોડ પરના બાફના માર્બલની પાસે આવેલા એસ્ટેલા કોમ્પ્લેક્ષમાં શરૂ કરવામાં આવેલા સુરતના પ્રથમ સ્ટોરના લોકાર્પણ પ્રસંગે રેજીનના કો-ફાઉન્ડર વિકાસ પચેરીવાલે કહ્યું હતું કે "સુરતમાં અમારું પ્રથમ એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ શરૂ કરવું તે એક ગર્વની અને ભાવનાત્મક ક્ષણ છે, આ સ્ટોર રેજીન માટે જે છે તે બધું રજૂ કરે છે, અને નીતાંશી અમારી સાથે જોડાઈને તે સપનાને વાસ્તવિકતામાં ફેરવવાની ઉજવણી કરે છે.

સુરત સ્ટોરને ફ્રેન્ચાઈઝ પાર્ટનર અતુલ ગુપ્તાએ ઉમેર્યું હતું કે, રેજીનની સફરનો ભાગ બનવા અને આ ફ્લેગશિપ અનુભવને જીવનમાં લાવવા માટે હું રોમાંચિત છું.

આ અને માત્ર એક સ્ટોર જ નહીં, તે ભારતમાં ફેશન રિટેલના ભાવિનો પ્રવેશદ્વાર છે, અને અમે અમારા ગ્રાહકને આવકારવા માટે રાહ જોઈ શકતા નથી. સમગ્ર ભારતમાં 250 થી વધુ મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ ટચપોઈન્ટ ધરાવે EBD ફોર્મેટમાં એક બોલ્ડ નવા તબક્કાનો સંકેત આપે છે. સુરત ફ્લેગશિપ સ્ટોર સંપૂર્ણ કલેક્શન ઓફર કરે છે. ભવ્ય એથનિક સેટ અને રોજિંદા જરૂરી વસ્તુઓથી લઈને આધુનિક ભારતીય મહિલાઓની બહુમુખી વસ્ત્રોની જરૂરિયાતો માટે સ્ટાઈલિશ ફ્યુઝન પીસ-કેટરિંગ વગેરે અહીં ઉપલબ્ધ છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા

આર.એ.સી.પી.સી.-વલસાડ (૬૪૫૪૦), દુકાન નં. ગ્રુજુ ૧ થી ગ્રુજુ ૫ અને ગ્રુ ૧૨ થી ગ્રુ ૧૫, ગ્રાઉન્ડ ફ્લોર, સાઈ લીલા મૉલ, ધરમપુર રોડ, વલસાડ-૩૬૬૦૦૧. ઈમેલ: sbi.64147@sbi.co.in

સેકશન ૧૩(૨)ના સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાનશીયલ એસેટસ્ અને એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અંતર્ગત નોટીસ

પ્રતિ, શ્રી અમર ચેતનરામ ચૌધરી, રહેઃ (૧) ફ્લેટ નં. બી-૪૦૭, ચોથો માળ, ''સાંઈ સિધ્ધિ-૨'' રમઝાનવાડી, ચારવાડા, વાપી-૩૬૯૧૯૧, (૨) ફ્લેટ નં. ૩૦૮, શબરી કોમ્પલેક્ષ, કાચીગામ રોડ, વાપી- પીન-૩૬૯૧૯૧, (૩) શ્રી શ્યામ એન્ટરપ્રાઈઝ, જીઆઈડીસી, વાપી- પીન-૩૬૯૧૯૧, દ્વારા એસબીઆઈ, પારડી શાખા (૦૦૫૨૩) પાસેથી ક્રેડીટ સુવિધાઓ મેળવેલ છે. જે સામે સુરક્ષિત મિલકત મોર્ગેજ કરવામાં આવેલ છે તે નીચે મુજબ છે.

મિલકતનું વર્ણન

તમામ હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત જે ફ્લેટ નં.૪૦૭, બિલ્ડીંગ-બી, ચોથો માળ, સાંઈ સિધ્ધિ-૨, માપ ૧૦૫૧ ચો.ફૂટ, મોજેઃ વાપી, તાલુકોઃ વાપી, જિલ્લોઃ વલસાડ, રેવન્યુ સર્વે નં. ૨૭/૧, ૨૮, ૧૧/પી ૧૪, ખાતા નં. ૮૦૫, ગુજરાત. ૩૬૧૯૧. ઉત્તરેઃ ફ્લેટ નં. બી-૪૦૬, દક્ષિણેઃ ખુલ્લી જગ્યા, પૂર્વેઃ ખુલ્લી જગ્યા, પશ્ચિમેઃ પેસજ.

ઉપર મુજબના એ મિલકત મોર્ગેજ કરેલ છે, જે ઉપર મુજબની છે. આમ તમે મંજુરી પત્ર લોમ લોન ખાતા નં. ૩૬૦૦૨૫૦૦૬૬૨ અને સુરક્ષા લોન ખાતા નં. ૩૬૩૦૧૬૬૫૫૬૦ ના નિયમોનું પાલન કર્યુ નથી, ખાતાઓ અનિયમિત થયેલ છે અને તા.૧૮/૧૧/૨૦૨૪ ના રોજ આરબીઆઈની માગદર્શિકા મુજબ NPA તરીકે જાહેર કરવામાં આવેલ છે. મુખ્ય દેવું અને તેના પરના વ્યાજની ચુકવણીમાં તમારા દ્વારા કરવામાં આવેલ ડીફોલ્ટના કારણે ભારતીય રીઝર્વ બેંક દ્વારા જારી કરાયેલ સંપત્તિ વર્ગીકરણ સઁદ્યિત નિર્દેશો/માગદર્શિકાઓ અનુસાર, બેંકે તમોને આ જારી કરેલ નોટીસ તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ સરફેસી એકટ, ૨૦૦૨ના સેકશન ૧૩(૨) અંતર્ગત તમોને ઉપરોકત સરનામે મોકલેલ છે. આથી તમોને જાણ કરવામાં આવે છે કે રૂા.૧૪,૭૨,૮૮૮/- (રૂપિયા ચૌદ લાખ બોતેર હજાર આઠસો ઈઠ્યાસી પુરા) જે હોમ લોન ખાતા નં. ૩૬૦૦૨૫૦૦૬૬૨ જે તા.૧૫/૦૪/૨૦૨૫ ના રોજ બાકી ઉપરાંત તા.૧૬/૦૪/૨૦૨૫ થી લાગુ પડેલ વ્યાજ, ભવિષ્યના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ, કિંમતો ચાર્જીસ વગેરે સહિત બાકી છે તે નોટીસ ની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવામાં ન આવે તો, નીચે સહી કરનારાએ જણાવેલ કાયદા અનુસાર જણાવેલ સુરક્ષિત મિલકતો પર તાત્કાલિક પગલાંઓ લેવાની ફરજ પડશે.

તારીખઃ ૧૫/૦૪/૨૦૨૫
સ્થળઃ સુરત

સહિ/- અધિકૃત અધિકારી અને મુખ્ય પ્રબંધક,
ભારતીય સ્ટેટ બેંક, આરએસીપીસી, વલસાડ.

જાહેર નોટીસ એન.એન. સવાણી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરતની કોર્ટમાં

વાદી :- જગદીશચંદ્ર મંગળદાસ વ્યાસ — નં.જ.મ.પ/એસ.આર.નં. ૧૦૨/૨૦૨૫
બંને રહેઃ- પ્લોટ નં.૧૧, ગૃહ સ્વપ્ન સોસાયટી, ગંગાસાગર સોસાયટીની સામે, પરવટ ગોડાદરા રોડ, પરવત ગામ, સુરત. — તા. ૧૫/૦૪/૨૦૨૫

વિરુધ્ધ

પ્રતિવાદી : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી જગદીશચંદ્ર મંગળદાસ વ્યાસ, રહેઃ- પ્લોટ નં.૧૧, ગૃહ સ્વપ્ન સોસાયટી, ગંગાસાગર સોસાયટીની સામે, પરવટ ગોડાદરા રોડ, પરવત ગામે, સુરત ના પિતા મંગળદાસ ગણપતરામ વ્યાસનું અવસાન તા.૦૧/૦૬/૧૯૩૩ ના રોજ મહાલક્ષ્મી માતાનું મંદિર, પગથીયાં શેરી, વાડી ફળિયા, સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.એન. સવાણી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત.

જાહેર નોટીસ એન.એન. સવાણી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરતની કોર્ટમાં

વાદી :- જગદીશચંદ્ર મંગળદાસ વ્યાસ — નં.જ.મ.પ/એસ.આર.નં. ૧૦૩/૨૦૨૫
બંને રહેઃ- પ્લોટ નં.૧૧, ગૃહ સ્વપ્ન સોસાયટી, ગંગાસાગર સોસાયટીની સામે, પરવટ ગોડાદરા રોડ, પરવત ગામ, સુરત. — તા. ૧૫/૦૪/૨૦૨૫

વિરુધ્ધ

પ્રતિવાદી : જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત.

વિષય :- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી જગદીશચંદ્ર મંગળદાસ વ્યાસ, રહેઃ- પ્લોટ નં.૧૧, ગૃહ સ્વપ્ન સોસાયટી, ગંગાસાગર સોસાયટીની સામે, પરવટ ગોડાદરા રોડ, પરવત ગામે, સુરત ના માતા કેયનબેન મંગળદાસ વ્યાસનું અવસાન તા.૦૧/૦૭/૧૯૩૦ ના રોજ મહાલક્ષ્મી માતાનું મંદિર, પગથીયાં શેરી, વાડી ફળિયા, સુરત ખાતે થયેલ છે. અને તેઓના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઇ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. ૧૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(એન.એન. સવાણી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ,
સીટી પ્રાંત (ઉત્તર) અડાજણ, સુરત.

ધી સુરત ડિસ્ટ્રિકટ કો.ઓપ.બેંક લી.
રજીસ્ટર્ડ ઓફીસ,જે.પી.રોડ,સુરત
ફોન : ૨૪૬૬૦૦૧, ૨૪૬૬૦૦૨, ૨૪૬૬૦૦૩

-: નોટીસ :-

આ બેંકના વ્યકિત સભાસદોને જણાવવામાં આવે છે કે બેંકની વાર્ષિક સાધારણ સભામાં તેમના પ્રતિનિધી તરીકે હાજરી આપવા, મત આપવા તેમજ બેંકના વ્યકિત સભ્યોના ડીરેકટર્સની ચુંટણી અન્વયેની મતદાર યાદી તૈયાર કરવા હેતુ સને ૨૦૨૫/૨૦૨૬ થી ૨૦૩૦/૨૦૩૧ સુધીના પાંચ વર્ષ માટે વ્યકિત ડેલીગેટોની ચુંટણીનો કાર્યક્રમ નીચે મુજબ છે. જેની તમામ વ્યકિત સભાસદોએ નોંધ લેવા વિનંતી.

અ. નં.	વિગત	રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય
૧	ડેલીગેટો માટે ઉમેદવારી પત્રો આપવાની તારીખ, સમય અને સ્થળ	તા.૨૧-૦૪-૨૦૨૫ સોમવાર થી તા.૨૫-૦૪-૨૦૨૫ શુક્રવાર સુધી દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧૪:૦૦ કલાક સુધી રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૨	ડેલીગેટો માટેના ઉમેદવારી પત્રો સ્વીકારવાની તારીખ, સમય અને સ્થળ	તા.૨૫-૦૪-૨૦૨૫ શુક્રવાર થી તા.૦૩-૦૫-૨૦૨૫ શનિવાર સુધી દરરોજ સવારે ૧૧:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક સુધી રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૩	ડેલીગેટોના ઉમેદવારી પત્રોની ચકાસણી માટે ચકાસણી કમિટી મળવાની તારીખ, સમય અને સ્થળ	તા.૦૫-૦૫-૨૦૨૫ સોમવાર સવારે ૧૦:૦૦ કલાકે રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૪	ડેલીગેટોના ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ, સમય અને સ્થળ	તા.૦૫-૦૫-૨૦૨૫ સોમવાર થી તા.૦૯-૦૫-૨૦૨૫ શુક્રવાર સુધી દરરોજ સવારે ૧૧:૦૦ કલાકથી ૧૪:૦૦ કલાક સુધી રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૫	ડેલીગેટ ઉમેદવારોની આખરી યાદીની પ્રસિધ્ધીની તારીખ, સમય અને સ્થળ	તા.૧૨-૦૫-૨૦૨૫ સોમવાર બપોરે ૧૧:૦૦ કલાકે રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૬	ડેલીગેટોની ચુંટણીની તારીખ, સમય અને સ્થળ	તા.૧૭-૦૫-૨૦૨૫ શનિવાર સવારે ૧૧:૦૦ કલાક થી બપોરે ૧૫:૦૦ કલાક સુધી રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત

તા.૩૧-૩-૨૦૨૫ ના રોજ વ્યકિત સભાસદોની સંખ્યા ૧૦૪૦ હોય, ૨૫ સભાસદે, ૧ ડેલીગેટ લેખે ૪૨ ડેલીગેટો નીચે જણાવેલ ચુંટણી મંડળમાંથી ચુંટવાના છે.

અ. નં.	ચુંટણી મંડળ	સભાસદ સંખ્યા	ડેલીગેટો ચુંટવાની સંખ્યા	મતદાન સ્થળ
(૧)	સુરત જીલ્લાના તમામ તાલુકાઓના વ્યકિત સભાસદોના પ્રતિનિધી તરીકેના ડેલીગેટો	૨૬૪	૧૧	રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ, સુરત
(૨)	તાપી જીલ્લાના તમામ તાલુકાઓના વ્યકિત સભાસદોના પ્રતિનિધી તરીકેના ડેલીગેટો	૩૦	૦૧	વ્યારા શાખા
(૩)	સુરત શહેરના વ્યકિત સભાસદોના પ્રતિનિધી તરીકેના ડેલીગેટો	૬૨૮	૨૫	રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ, સુરત
(૪)	સુરત જીલ્લા તથા તાપી જીલ્લાની બહાર રહેતા વ્યકિત સભાસદોનું પ્રતિનિધીત્વ ધરાવતા ડેલીગેટો	૧૧૮	૦૫	રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ, સુરત
	કુલ....	૧૦૪૦	૪૨	

ઉપર જણાવેલ ચુંટણી મંડળમાંથી ડેલીગેટો ચુંટવા માટે નિયુકત મતદાન અને ચુંટણી, સભાસદોમાંથી તેમના જે તે ચુંટણી મંડળમાંથી જ કરવાની છે.

૭	મત ગણતરી માટેની તારીખ, સમય અને સ્થળ	તા.૧૭-૦૫-૨૦૨૫ શનિવાર સાંજે ૧૬:૦૦ કલાકથી કામ પૂર્ણ થાય ત્યાં સુધી રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત
૮	મતદાનનું પરિણામ જાહેર કરવાની તારીખ	તા.૧૭-૦૫-૨૦૨૫ શનિવાર અનુક્રમ નં.૭ની કાર્યવાહી પૂર્ણ થયેથી. રજીસ્ટર્ડ ઓફીસ, જે.પી.રોડ,સુરત

તા. ૨૧-૦૪-૨૦૨૫
સુરત

મહાવીરસિંહ ચૌહાણ
મેનેજીંગ ડીરેકટર

બેંક ઓફ બરોડા Bank of Baroda

રીજીનલ સ્ટ્રેસ એસેટ્સ રીકવરી શાખા, બેંક ઓફ બરોડા, રીજનલ ઓફિસ, પહેલો માળ, મહાવીરની ટાવર્સ, સિયલ રોડ, વલસાડ, ગુજરાત - ૩૬૬૦૦૧. ફોન ૨૭૩૨-૨૪૧૪૫૪ ઈમેલ : sarbar@bankofbaroda.com

પરિશિષ્ટ ૪ (જુઓ નિયમ ૮(૧)) કબજા નોટિસ

આથી, નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારી તરીકે સિક્યોરીટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ઠેઠળ અને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) નિયમો ૨૦૦૨ના નિયમ સાથે વંચાતી કલમ ૧૩ ઠેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને **તા. ૦૭.૦૪.૨૦૨૨ ની તારીખની** કથિત ડિમાન્ડ નોટીસ જારી કરીને દેવાદારો/જામીનદારો/ગીરવેદારો **મેસર્સ એમ.એલ.એસ. પેકર્સ, શ્રી અમિત ગુજુગુવાલા, શ્રી સુશીલ એસ. ગુજુગુવાલા, શ્રી શિવકુમાર એસ. ગુજુગુવાલા, શ્રીમતી સ્તુતિ અમિત ગુજુગુવાલા, શ્રી અવિનાશ એસ. ગુજુગુવાલા અને શ્રીમતી ઉષાદેવી એસ. ગુજુગુવાલા** ને નોટીસમાં જણાવેલ **રૂ.૩,૮૫,૫૮,૮૭૪.૧૮/- (રૂપિયા ત્રણ કરોડ પંચ્યાસી લાખ અઠ્ઠાવન હજાર આઠસો ચોસઠ અને અઢાર પૈસા પૂરા) અને ૦૨.૦૪.૨૦૨૨ મુજબ (૦૨-૦૪-૨૦૨૨ સુધીના વ્યાજ સહિત)** ના રોજ સુધી આગામી વ્યાજ અને અન્ય ખર્ચ ચૂકવણીની નોટીસ સાથે ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવ્યું હતું.

દેવાદારો/જામીનદારો/ગીરવેદારો રકમની પરત ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા આથી, અહીં દેવાદારો/જામીનદારો/ગીરવેદારો અને જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે નીચે સહી કરનારે નીચે વર્ણવેલી મિલકતનો **કબજો** આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ ૪ ઠેઠળ નિયમ ૮ સાથે વંચાતો લઇને તેમને સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ઠેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને **તા. ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ લઈ લીધો છે.**

ખાસ કરીને દેવાદારો/જામીનદારો/ગીરવેદારો અને જાહેર જનતાને મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે અને મિલકત/તો સાથે કરાયેલા કોઈપણ વ્યવહારનો ચાર્જ **બેંક ઓફ બરોડા**,ની બાકી રકમ **રૂ.૩,૮૫,૫૮,૮૭૪.૧૮/- (રૂપિયા ત્રણ કરોડ પંચ્યાસી લાખ અઠ્ઠાવન હજાર આઠસો ચોસઠ અને અઢાર પૈસા પૂરા) અને ૦૨.૦૪.૨૦૨૨ મુજબ (૦૨-૦૪-૨૦૨૨ સુધીના વ્યાજ સહિત)** ના રોજ કુલ રક